ગાંધીનગર સમાચાર
તા. ૧૫-૬-૨૦૧૫, સોમવાર

તંત્રી સ્થાનેથી....

ગુંડાઓને છાવરવાની રાજકીય મજબૂરી

પોતાનું ગુમાવેલું વજૂદ પાછું મેળવવા માટે મુલાયમસિંહ યાદવે જૂના જનતાદળના ઘટક પક્ષોને એક સૂત્રમાં સાંકળવાનો પુરુષાર્થ આદર્યો છે, તેવા જ સમયે અખિલેશ મંત્રીમંડળના દબંગ સાથી રામમૂર્તિસિંહ વર્મા સામે એમની વિરુદ્ધ ગેરકાયદેસર ખનન સબબ ઝુંબેશ ચલાવનાર શાહજહાંપુરના પત્રકાર જગેન્દ્રસિંહને પેટ્રોલ છાંટીને જીવતો સળગાવી દેવાનો આરોપ મુકાયો છે. મરણોત્તર નિવેદન (ડાઇંગ ડિક્લેરેશન)માં જગેન્દ્રસિંહે મંત્રીશ્રીના ઇશારે પોલીસના માણસોએ પોતાની ઉપર પેટ્રોલ છાંટી આગ લગાડી હોવાનું જણાવેલ હોઇ મંત્રી રામમૂર્તિસિંહ સામે એફ.આઇ.આર. પણ ફાડવી પડી છે. પરંતુ સમાજવાદી પાર્ટી અને સરકાર એના આ બાહુબલી મંત્રી સામે એ જઘન્ય ઘટનાને અઠવાડિયું થવા આવ્યું છે છતાં કોઇ પગલાં લઇ શકી નથી. ઉલ્ટાનું પાર્ટીના રાષ્ટ્રીય પ્રવક્તા અને મુલાયમસિંહના નાના ભાઇ રામગોપાલ યાદવ એમ કહીને છટકી જાય છે કે એફઆઇઆર નોંધાઇ જવાથી કોઇ માણસ ગુનેગાર બની જતો નથી. સામાન્ય રીતે અદાલતમાં 'ડાઇંગ ડિક્લેરેશન'ને મજબૂત પુરાવો માનવામાં આવે છે. મરનાર માણસ છેલ્લી ઘડીએ ખોટું ન જ બોલે, એવી માન્યતામાં મહદંશે તથ્ય પણ જોવા મળેલ છે. તેમ છતાં, મુખ્યમંત્રી અખિલેશ યાદવ કે પાર્ટીના સર્વોચ્ચ નેતા મુલાયમસિંહ મોઢું સીવીને બેસી રહ્યા છે અને રાજયની પોલીસ એફએસએલના રિપોર્ટ મુજબ કાર્યવાહી કરવાની વાત કરે છે. જ્ઞાતિવાદી અને બાહુબીલ પરિબળોને હાથ પર રાખ્યા વગર - મની અને મસલપાવર વગર ચૂંટણીઓ જીતી શકાતી નથી, તે મુલાયમ અને અખિલેશ સમજે છે. તેથી જાહેર છબી ખરડાવાનું જોખમ વહોરીને પણ એ ગુંડાતત્ત્વોને સાચવે છે. દેખીતું છે કે રામમૂર્તિ સિંહ વર્મા જાતે જ પેટ્રોલ તો પેટ્રોલ લઇને પત્રકારને સળગાવી મૂકવા ન જ ગયા હોય. આવા કિસ્સાઓમાં ઘટનાનું પૃથક્કરણ મહત્ત્વનું બની રહે. પોલીસના માણસો સામે પગલાં લેવાથી સાચો પડદા પાછળનો ગુનેગાર છટકી જાય એમ પણ બને. મંત્રી પોતે ફરાર છે. એ ક્યાં છે એની નથી તો પાર્ટી કે સરકારને જાણ, તેમ પોલીસતંત્ર પણ એ મુદ્દે તદ્દન બે-ખબર છે! ભારત જેવા લોકશાહી રાષ્ટ્રમાં અભિવ્યક્તિની સ્વતંત્રતાના મૂળભૂત અધિકાર સામે ખુદ વહીવટીતંત્ર અને ચૂંટાયેલી સરકાર દ્વારા જ જોખમ ઊભું થતું હોય ત્યારે આ મુદ્દો ઊંડી તપાસનો વિષય બની રહેવો જોઇએ. રાજય સરકારની નિષ્ક્રિયતા જ બોલકી લાગતી હોય ત્યારે કેન્દ્ર સરકાર અને અદાલતે સક્રિયતા દાખવવી જ રહી. ઉત્તરપ્રદેશના જ અન્ય બે મંત્રીઓનાં કરતૂતો અને દાદાગીરી પણ આ જ અરસામાં બહાર આવેલ છે. નરેન્દ્ર મોદી સામે લડી ચૂકેલ ચૌરસિયાએ એમના વિસ્તારના આર.ટી.ઓ.ની પાસે રીતસર હપ્તો માગ્યો અને જો હપ્તો (રંગદારી) નહીં આપે તો એને ગંગામાં ફેંકી દેવડાવવાની ધમકી આપી છે. ડરી ગયેલ આર.ટી.ઓ. ભાગીને અલ્હાબાદ જતો રહ્યો છે. અન્ય એક મંત્રીએ ટોલટેક્સના કર્મચારીઓ સાથે મારામારી કરી છે. અખિલેશ મંત્રીમંડળની આ છે તાસીર! ૨૦૧૭માં ચૂંટણી આવે ત્યાં સુધીમાં તો કોણ જાણે શું નું શું થશે!

૧૯ જુલાઈથી શિક્ષકો માટે લાયકાત પરીક્ષા

હાઈસ્કૂલ શિક્ષક માટે ૧૯મી જુલાઈએ પરીક્ષા થશે જ્યારે પ્રાથમિક શિક્ષક માટે ૨૩ ઓગસ્ટના દિવસે પરીક્ષા થશે

અમદાવાદ,તા. ૧૪

શિક્ષકો માટે લાયકાત પરીક્ષા અથવા તો ટેટની તારીખની જાહેરાત કરી દેવામાં આવતા આને લઇને ચાલી રહેલી તમામ અટકળોનો અંત આવી ગયો છે. રાજ્ય પરીક્ષા બોર્ડે શિક્ષકોની લાયકાત પરીક્ષાની તારીખ જાહેર કરીને કહ્યું છે કે, આ ટેસ્ટની શરૂઆત ૧૯મી જુલાઈથી થશે.

રાજ્ય પરીક્ષા બોર્ડે વધુમાં કહ્યું છે કે, સિનિયર ટિચરો માટે શિક્ષકોની લાયકાત પરીક્ષા ૧૯મી જુલાઈના દિવસે યોજાશે જ્યારે પ્રાથમિક શિક્ષકો માટેલાયકાત પરીક્ષા ૨૩મી ઓગસ્ટના દિવસે યોજાશે. બોર્ડના અધિકારીઓનું કહેવું છે કે, હેડ ટીચરની લાયકાત પરીક્ષા ૨૦મી સપ્ટેમ્બરના દિવસે યોજાશે. સ્કૂલના મેનેજમેન્ટ સાથે વાત કરવા અને આ તારીખો અંગે પરીક્ષાયોજવા માટે તેમની મંજુરી લેવા માટે જિલ્લા શિક્ષણ અધિકારીઓને બોર્ડ દ્વારા સૂચના આપી દેવામાં આવી છે. હવે બોર્ડના અધિકારીઓ દ્વારા વ્યાપક વિચારણા કરવામાં આવનાર છે. તમામ પરીક્ષાઓ રવિવારના દિવસે યોજવામાં આવનાર છે. બોર્ડના અધિકારીઓનું કહેવું છે કે, ડીઈઓને આ બાબત સ્પષ્ટ કરવી જોઈએ કે, માત્ર ટેટ પરીક્ષા માટે ઈમારતને રિઝર્વ રાખવામાં આવે. સ્કૂલોનો ઉપયોગ અન્ય કોઈપણ પરીક્ષા માટે આ દિવસોમાં કરી શકાશે નહીં. સ્કૂલી શિક્ષણ પ્રક્રિયા શરૂ થઈ ચુકી છે. આવી સ્થિતિમાં સ્કૂલોનો ઉપયોગ કરવાની બાબત યોગ્ય રહેશે નહીં. શિક્ષકોની લાયકાત પરીક્ષાને લઈને ઉમેદવારોમાં હવે ચાલી રહેલી અટકળોનો અંત આવી ગયો છે.

રકતદાતા દિને ૧૧૩ બોટલ રકતદાન મેળવાયું

સમગ્ર વિશ્વમાં ૧૪મી જુન નોબેલ પુરસ્કર્તા એલીઓ રકતગૃપ સંશોધક કાર્લ લેન્ડસ્ટેનહના જન્મદિવસને 'વિશ્વ રકતદાતા દિવસ' તરીકે ઉજવવામાં આવે છે. વડોદરાની સુરકતમ બ્લડ બેંક દ્વારા વડોદરા, સોંખડા તથા નંદેસરી જીઆઈડીસી ખાતે રકતદાન શિબિર યોજવામાં આવી હતી. જેમાં ૧૧૩ રકતદાતાઓએ રકતદાન કર્યું હતું. આ પ્રસંગે ડૉ. આર.બી. ભેસાણીયા, અર્પણભાઈ પટેલ, પઠાણભાઈ તથા હનીફભાઈ ચૌહાણે જહેમત ઉઠાવી હતી.

હજી સુધી ગરીબ વિદ્યાર્થીઓ મફત પાઠ્યપુસ્તકોથી વંચિત

એસસી, એસટી તેમજ ઓબીસી કેટેગરીના વિદ્યાર્થીઓને પુસ્તકો સમયસર ન મળતા શિક્ષણ ઉપર પ્રતિકુળ અસર

અમદાવાદ, તા.૧૪

રાજયની શાળાઓમાં ધોરણ ૧થી ૧૨માં અભ્યાસ કરતા એસ સી, એસ ટી અને ઓબીસી કેટેગરીના વિદ્યાર્થીઓને ગુજરાત સરકાર દ્વારા પાઠ્ય પુસ્તકો મફત આપવામાં આવે છે જો કે રાજયની શાળાઓમાં શૈક્ષણીક સત્ર શરૂ થયે એક સપ્તાહ પૂર્ણ થઈ ચુક્યું હોવા છતાં હજુ સુધી શાળાઓને સરકાર તરફથી આ પુસ્તક ફાળવવામાં આવ્યા જ નથી. જેનાં કારણે તમામ વિદ્યાર્થીઓએ પુસ્તકો બજારમાંથી વેચાતા લેવાની ફરજ પડી રહી છે. ત્યારે દર વર્ષની જેમ આ વર્ષે પણ મફત પાઠ્યપુસ્તક આપવાની યોજના ફારસરૂપ સાબિત થાય તેવી સ્થિતી છે. પ્રાપ્ત થતી માહિતી મુજબ રાજયની તમામ પ્રાથમિક, માધ્યમિક અને ઉચ્ચત્તર માધ્યમિક શાળાઓમાં ધોરણ ૧થી ૧૨માં અભ્યાસ કરતાં અનામત કેટેગરીના વિદ્યાર્થીઓને રાજય સરકાર દ્વારા મફતમાં પાઠ્યપુસ્તકો આપવામાં આવે છે. માત્ર એસ સી અને એસ ટી કેટેગરી નહીં પરંતુ ઓબીસી કેટેગરીના વિદ્યાર્થીઓને પણ આ પુસ્તકોનો લાભ આપવામાં આવે છે. નિયમ મુજબ શાળાઓ શરૂ થાય તે પહેલા આ પાઠય પુસ્તોકોનો લાભ આપવામાં આવે છે. નિયમ મુજબ શાળાઓ શરૂ થાય તે પહેલા આ પાઠય પુસ્તકો જે તે જિલ્લા શિક્ષણાધિકારીની કચેરી મારફતે શાળાઓને પહોંચતા કરવાના હોય છે.જેથી શાળાઓ શરૂ થતાની સાથે જ આ પાઠ્ય પુસ્તકોનું અનામત કેટેગરીનાં વિદ્યાર્થીઓમાં વિતરણ કરી શકાય.

જેથી કરીને તેમણે બજારમાંથી નાણા ચુકવીને પાઠ્યપુસ્તકો ખરીદવાની ફરજ ન પડે. જો કે દર વર્ષેની જેમ ચાલુ વર્ષે પણ શાળાઓ શરૂ થયે એક સપ્તાહનો સમય થવા છતાં આજ દિવસ સુધી શાળાઓને આ પાઠય પુસ્તકો મળ્યા જ નથી. રાજયનાં અંતરીયાળ જિલ્લાઓની વાત તો દુર રહી પાઠય પુસ્તક મંડળની ઓફિસની બાજુમાં આવેલા અમદાવાદ અને ગાંધીનગર શહેરની શાળાઓમાં પણ હજુ સુધી આ પાઠય પુસ્તકો આપવામાં આવ્યા નથી. જેના કારણે મોટાભાગના વિદ્યાર્થીઓના વાલીઓએ બહારથી રૂપિયા ખર્ચીને પુસ્તકો ખરીદવાની ફરજ પડી રહી છે. ત્યાર રાજય પાઠય પુસ્તક મંડળ દ્વારા હજી ટૂંક સમયમાં પાઠ્યપુસ્તકો શાળાઓમાં પહોંચાડી દેવાની ખાત્રી આપવામાં આવી રહી છે જો કે વિદ્યાર્થીઓ બજારમાંથી પાઠ્યપુસ્તકો ખરીદી રહે પછી પાઠ્યપુસ્તકો વિદ્યાર્થીઓ સુધી શાળા શરૂ થયાનાં એક મહીના બાદ વિદ્યાર્થીઓ ઉધી પહોંચે છે. જો કે ત્યાં સુધી વિદ્યાર્થીઓએ બજારમાંથી પાઠ્યપુસ્તકો ખરીદી લીધા હોવાથી આ યોજના માત્ર ફારસરૂપ બની રહી છે.

બીએસસી : પ્રવેશ માટે આજે પ્રોવિઝનલ લિસ્ટ જાહેર થશે

પ્રોવિઝનલ મેરિટ લિસ્ટને લઈને વિદ્યાર્થીઓ ભારે ઉત્સુક

અમદાવાદ, તા.૧૪

ગુજરાત યુનિવર્સિટી સંલગ્ન સાયન્સ કોલેજોમા આ વખતે પ્રવેશ માટે ભારે ઘસારો જોવા મળી રહ્યો છે. ત્યારે સાયન્સની પ્રવેશ કાર્યવાહી માટે રજિસ્ટ્રેશનની કામગીરી પૂર્ણ થયા બાદ હવે આવતીકાલે પ્રોવિઝનલ મેરિટલિસ્ટ જાહેર કરવામાં આવશે. બીજી બાજુ કોમર્સના ફોર્મ સુધારવામાં વિલંબ થતાં હવે પ્રોવિઝનલ મેરિટયાદી જાહેર કરવામાં એક દિવસનો વિલંબ થાય તેવી સ્થિતી ઊભી થઈ છે.

પ્રાપ્ત થતી માહીતી મુજબ ગુજરાત યુવનિવર્સિટી બીએસસી સહિતના પાંચ અભ્યાસક્રમોમાં પ્રવેશ માટે ઓનલાઈન એડમિશન અંતર્ગત વિદ્યાર્થીઓ પાસેથી ચોઈસ ફિલિંગ ભરાવી લેવામાં આવી છે. ત્યારે હવે આવતીકાલે પ્રોવિઝનલ મેરિટલિસ્ટ જાહેર કરવામાં આવશે. સાયન્સ કોલેજોમાં પ્રવેશ માટે ૧૩૭૮૬ ફોર્મ અને પીનનું વેચાણ થયું હતું. ત્યારબાદ ૧૨૩૭૩ વિદ્યાર્થીઓએ પ્રવેશ માટે રજિસ્ટ્રેશન કરાવ્યું હતું. જે પૈકી ૧૨૧૦૪ વિદ્યાર્તીઓએ પ્રવેશ માટેની પ્રક્રિયા પૂર્ણ કરી ફોર્મ સબમીટ કરી દીધા છે. ગુજરાત યુનિવર્સિટી સંલગ્ન સાત જેટલી સાયન્સ કોલેજોમાં ૨૯૬૦ જેટલી બેઠકો ઉપલબ્ધ છે. જેની સામે ૧૨ હજાર જેટલા વિદ્યાર્થીઓએ રજિસ્ટ્રેશન કરાવ્યું હોઈ સાયન્સમાં પ્રવેશ માટે ભારે ઘસારો જોવા મળશે. બીજી બાજુ યુનિવર્સિટી દ્વારા વિદ્યાર્થીઓને ઓનલાઈન ફોર્મ ભરવા અંગે વારંવાર સુચનાઓ અને જાણકારી-માર્ગદર્શન આપવામાં આવ્યા છતાં કેટલાક વિદ્યાર્થીઓએ વિગતો ભરવામાં અનેક પ્રકારની ભુલો કરી હતી. જે વિદ્યાર્થીઓએ પોતે ભરેલી વિગતોને કન્ફર્મ કર્યા પછી ભુલ સુધારવા માટે દિલ્હી સુધીના મેઈન સિસ્ટમ સુધી પહોંચવું પડતું હોવાથી ભારે મુશ્કેલી ઊભી થતી હોય છે. ૭૦૦ જેટલા વિદ્યાર્થીઓ પાસેથી રૂપિયા લીધા બાદ આ ભુલ સુધારવાની કામગીરી શરૂ કરાઈ હતી. પરંતુ ભુલ સુધારવા જતાં ટેકનિકલ ખામી ઊભી થઈ હતી. સમગ્ર પ્રોગ્રામમાં ક્ષતિ સર્જાતા શનિવારે વિદ્યાર્થીઓએ ફોર્મ ભરવામાં કરેલી ભુલો સુધારવાની કામગીરી હાથ ધરવાનું નક્કી કરાયું હતું. પરંતુ દિલ્હી સ્થિત ઓફિસ બંધ હોવાથી આ ભુલો સુધારી શકાય નહોતી. હવે આવતીકાલે આ ભુલો સુધારાશે. જેના લીધે પ્રોવિઝનલ મેરિટયાદી જાહેર કરવામાં એક દિવસનો વિલંબ થાય તેમ છે.

૩૬૦ વિદ્યાર્થીને કેમ્પસ જોબ પ્લેસમેન્ટમાં જોબની ઓફરો

અમદાવાદ, તા.૧૪

ગુજરાત ટેકનોલોજીકલ યુનિવર્સિટી (જીટીયુ)ના સેન્ટર ફોર ફાર્માસ્યુટીકલ સ્ટડીઝ એન્ડ ડ્રગ ડિલીવરી ટેકનોલોજીસ દ્વારા બે દિવસીય ફાર્મસી નોકરી ભરતી મેળાનું આયોજન કરવામાં આવ્યું હતું. તૃતીય વર્ષ ફાર્મસીની પરીક્ષા આપનાર વિદ્યાર્થીઓ માટે આયોજીત આ નોકરી ભરતી મેળાને અભૂતપૂર્વ પ્રતિસાદ સાંપડયો હતો જેમાં વિવિધ કંપનીઓ દ્વારા અલગ અલગ પેકેજની કુલ ૩૬૦ વિદ્યાર્થીઓને જોબફેરની નોકરીની ઓફર મળી છે.

પ્રાપ્ત થતી માહિતી મુજબ ગુજરાત ટેકનોલોજીકલ યુનિવર્સિટી સલગ્ન વિવિધ ફાર્મસીમાં કોલેજોમાં અભ્યાસ કરતા વિદ્યાર્થીઓ માટે ખાસ નોકરી ભરતી મેળાનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં વિવિધ ફાર્મા કંપનીઓ દ્વારા અભૂતપૂર્વ પ્રતિસાર સાંપડ્યો હતો તેમજ વિવિધ પેકેજની કુલ ૩૬૦ વિદ્યાર્થીઓને જોબ ઓફર મળી છે. આ અંગે સેન્ટર ફોર ફાર્માસ્યુટીકલ સ્ટડીઝ એન્ડ ડ્રગ ડીલીવરી ટેકનોલોજીસના વડા મનિષ રાચ્છે આ માહિતી આપતા જણાવ્યું હતું કે, નોકરી મેળા માટે ૧૦૦૦ વિદ્યાર્થીઓએ પોતાના નામ નોંધાવ્યા હતા તેમાથી ૭૦૦ વિદ્યાર્થીઓ પ્લેસમેન્ટ ફેરમાં ઉપસ્થિત રહ્યા હતા. આમાંથી પ્રથમ દિવસે ૨૩૦ અને બીજા દિવસે ૧૩૦ વિદ્યાર્થીઓને નોકરી માટે પંસદ કરવામાં આવ્યા.

ફકત બે કેટેગરી એવી રહી જેમાં જગ્યાની સરખામણીએ વિદ્યાર્થીઓની સંખ્યા ઓછી રહી, તેમાં હોસ્પિટલ ફાર્મસી અને કોમ્યુનિટી ફાર્મસીનો સમાવેશ થાય છે. અનેક મોટી કંપનીઓ સહિત કુલ ૩૫ કંપનીઓએ આ નોકરી ભરતી મેળામાં ભાગ લીધો. તેમાં ઝાયડસ કેડીલા હેલ્થકેર, ટોરેન્ટ ફાર્મા લિમિટેડ, એમનીલ ફાર્માસ્યુટીકલ્સ, ઈન્ટાસ ફાર્માસ્યુટીકલ્સ, લિંકન ફાર્મસ્યુટીકલ્સ, એપોલો ફાર્મસી, ટ્રોઈકા ફાર્મા, એચસીજી હોસ્પિટલ, પ્લેનેટ હેલ્થ, એક્યુપ્રેક રિસર્ચ લેબ, ભારત પેરેન્ટેરલ્સ, સિન્ઝીલ રિસર્ચ લેબોરેટરી વગેરેનો સમાવેશ થાય છે. આ કંપનીઓ દ્વારા એમ ફાર્મના વિદ્યાર્થીઓને ૧.૮ લાખથી ૨.૪ લાખ, બીફાર્મના વિદ્યાર્થીઓને ૧.૨ લાખથી ૧.૮ લાખ અને ડિપ્લોમાના વિદ્યાર્થીઓને ૧ લાખથી ૧.૨ લાખ રૂપિયાના વાર્ષિક વેતનથી નોકરી આપવામાં આવી છે.

મહિલા અને પુરૂષ કામદારને એક જ પ્રકારના એટલે કે સમાન કામ માટે સમાન વેતન આપવું એ માલિકની જવાબદારી છે

આપણે મહિલા કામદારોના સંદર્ભમાં કાયદાકીય જોગવાઈ સમજી રહયા છીએ. ગત અંકમાં થોડા કાયદાઓનો અભ્યાસ કર્યો. જે પૈકી મેટરનીટી બેનીફીટ એકટ, ૧૯૬૧ તેમજ એમ્પ્લોઈઝ સ્ટેટ ઈન્સ્યોરન્સ એકટ તેમજ બંધારણ સંદર્ભમાં પણ આપણે માહિતી મેળવી.

બંધારણીય જોગવાઈના સંદર્ભમાં જોઈએ તો, કાયદા સમક્ષની સમાનતા અને કાયદાનું સમાન રક્ષણ એ પ્રમાણે જોગવાઈ છે. પરંતુ કેટલાક ચુકાદાઓ જોઈએ તો, ખાસ કરીને જયાં પુરુષો જેલમાં હોય તે જેલમાં સ્ત્રીઓ કલાર્ક અને મેટ્રન્સ સિવાયના હોદ્દા માટે નોકરીમાં લાયક ન ગણાય. આ સંદર્ભમાં અદાલતનું માનવું એ હતું કે રીઢા અને ગંભીર ગુનેગારો હોય ત્યાં સ્ત્રીઓને કામ કરવામાં તકલીફ ઉભી થાય. જો આવી બાબત આપણે વિચારીએ તો એવો પણ વિચાર આવે કે પોલીસ ખાતાથી લઈને મીલેટ્રી સુધી મહિલાઓ અગ્રીમ હરોળમાં ફરજ બજાવી રહેલ છે. હજુ હમણાં જ અમેરિકાથી રાષ્ટ્ર પ્રમુખ ઓબામા ભારત આવ્યા ત્યારે મુખ્ય સલામી પણ એક મહિલા અધિકારીએ જ આપેલી. જો આવી સ્થિતિ હોય તો પછી નોકરીમાં સ્ત્રી અને પુરુષ વચ્ચે ભેદભાવ શા માટે ?

ઉપરોકત જણાવ્યા મુજબ ભેદભાવની સ્થિતિ નિવારવા સંદર્ભે પણ અદાલતમાં કેસો થયેલા છે. ખાસ કરીને ઈન્ડિયન ફોરેન્સ સર્વિસમાં એવી જોગવાઈ હતી કે લગ્ન થયેલી સ્ત્રીઓને નિમણૂંક ન આપવી. સી.બી. મુથમ્મા વિ. યુનિયન ઓફ ઈન્ડિયાના કેસમાં આ બાબતને પડકારવામાં આવેલ હતી. નિયમો કરનારની એવી માન્યતા હતી કે જો સ્ત્રીના લગ્ન થાય તો સાંસારિક જવાબદારીને કારણે તેણી ઉચ્ચ કક્ષાની ફરજ બજાવી શકે નહીં અને તેથી જો કુંવારી સ્ત્રી ફોરેન સર્વિસમાં હોય અને તેણીના લગ્ન નક્કી થાય તો તેણીએ સરકારની પરવાનગી લેવી પડે. એટલું જ નહીં તેના લગ્ન થાય તો તેણીને ફોરેન્સ સર્વિસ માંથી મુકત કરી દેવામાં આવે. પ્રશ્ન એ પણ ઉઠાવવામાં આવેલો કે આ દલિલ પુરુષોને પણ લાગુ પાડી શકાય. આ કેસ થયા પછી પરીણિત સ્ત્રીઓના નિમણૂંક સંદર્ભેના નિયમો જૂના હતા તે રદ કરવામાં આવ્યા.

ફેકટરીઝ એકટ સંદર્ભમાં સ્ત્રીનો કામદારોનો કામનો સમય નિશ્ચિત કરવામાં આવેલ છે. સ્ત્રી કામદારનો કામનો સમય સવારે ૭ થી સાંજના ૭ સુધીનો સામાન્ય રીતે રહેશે. જો રાજય સરકાર છૂટ આપે તો પણ ખાસ પ્રકારના કારખાનામાં સ્ત્રીઓને રાત્રે ૧૦ થી સવારે ૫ સુધી કામે રાખી શકાશે નહીં. અત્રે એ બાબતની નોંધ લઈએ કે કેટલાક કામમાં ઋતુ પ્રમાણેનું કામ હોય છે. તે રીતે જોઈએ તો જે કારખાનામાં માલ બગડી જાય તેવા પ્રકારનો હોય તો માલ બગડી ન જાય તે માટે સમયના કલાકોમાં ફેરફાર થઈ શકશે. ફેકટરીઝ એકટની કલમ ૩૪ એ અગત્યની છે. ફેકટરીઝ એકટની કલમ ૩૪ પ્રમાણે યુવાન સ્ત્રીને ૪૫ રતલ થી વધુ વજન ઉંચકવા મજબૂર કરી શકાશે નહીં અને પુખ્ત ઉમરની સ્ત્રી પાસે ૬૫ રતલથી વધુ વજન ઉંચકાવાશે નહીં. ફેકટરીઝ એકટની કલમ ૨૨ વારંવાર ચર્ચામાં આવે છે. જોખમી કામગીરીમાં સ્ત્રી અને બાળકોને જોડી શકાશે નહીં તેવું આપણે વર્તમાન પત્રમાં પણ આપણે વારંવાર વાંચતા હોઈએ છીએ અને છતાં પણ ફટાકડાની ફેકટરી અને તે પ્રકારના કામોમાં જયારે પણ દર્ઘટના થાય ત્યારે સ્ત્રી અને બાળકો જ ભોગ બને છે. કાયદા મુજબ જે યંત્રો એટલે કે મશીન જોખમી ગતીમાં ચાલતા હોય તેને સાફ કરવા તેમજ ગ્રીસ અને ઓઈલીંગ કરવા કે આવા યંત્રો ગોઠવવા માટે સ્ત્રીઓને આવા મશીનો નજીક જવા દેવી ન જોઈએ તેવી કાયદાકીય જોગવાઈ છે.

ખાસ કરીને દેશમાં રૂ ની ગાંસડી બાંધવા અનેક મોટા કેન્દ્રો છે. જે પૈકી સૌરાષ્ટ્ર પણ રૂ કપાસનું મોટું કેન્દ્ર છે. રૂની ગાંસડી જે જગ્યાએ બંધાતી હોય તેવા કારખાનામાં રૂ સાફ કરવાના યંત્ર પર સ્ત્રીઓને બેસવાની મનાઈ છે. આ પ્રકારનું જે કામ છે તેમાં ખેતરમાં કપાસ જે ઉગે છે તેને ભભકાલા કપાસભભ કહેવામાં આવે છે. આવા ઉગેલા કપાસની એટલે કે કાલા કપાસને ખેતરમાંથી તોડીને આખા કાલાની ગાંસડીઓ બાંધવામાં આવે છે. આવું કાલા ફોલવાનું કામ મોટા ભાગે મહિલાઓ પોતાના ઘરે બેસીને કરતી હોય છે. જેમ કાપડ વણવાનું કામ મહિલાઓ ઘરે બેસીને કરે છે તેમ કાલામાંથી રૂ કાઢવાનું કામ પણ ઘરે બેસીને થાય છે. કેટલીકવાર જો કાલા કપાસની જીન ફેકટરી મોટી હોય તો માલિક પોતાની જગ્યામાં બેસાડીને પણ કાલા ફોલાવાનું કામ પણ કરે છે. આવા કામમાં માલના વજન ઉપર મજૂરી મળતી હોય છે.

ફેકટરીઝ એકટમાં કલમ-૪૮ માં સ્પષ્ટ જોગવાઈ કરવામાં આવેલ છે કે કારખાના વાળાએ જયાં સ્ત્રીઓ કામે આવતી હોય ત્યાં ઘોડિયાઘર નિભાવવાનું રહેશે. ખાસ કરીને જયાં ૩૦૦ થી વધુ સ્ત્રી કામદારો હોય તે કારખાનામાં મીડ વાઈફ વાળું ઘોડિયાઘર માલિકે રાખવું પડશે. એટલે કે જે સ્ત્રી કર્મચારી કામે આવે છે તેના બાળકોના કપડા બદલવા, બાળકો માટે દુધની વ્યવસ્થા, બાળકો માટે નાસ્તાની વ્યવસ્થા અને દરેક બાળક દીઠ એક પલંગની વ્યવસ્થા કરવાની કાયદાકીય જોગવાઈ છે. ખાસ કરીને કારખાનામાં કામ કરતી માતા કામના દિવસ દરમિયાન બે વખત ૧૫-૧૫ મીનીટની રીશેષ બાળકને સ્તનપાન કરાવવા માટે મેળવી શકે છે. અત્રે એ બાબતની નોંધ લઈએ કે આ સમયની છૂટ એ રીશેષ ઉપરાંતની છે.

ફેકટરીઝ એકટની કલમ ૪૨ પણ અગત્યની છે. તે સંદર્ભે જોઈએ તો દરેક કારખાનામાં સ્ત્રીઓ માટે અલગ ટોયલેટ અને બાથરૂમની વ્યવસ્થા કરવાની છે. તેમજ સ્ત્રીઓ માટે નાહવા ધોવાની વ્યવસ્થા અલગ રીતે કરવાની જોગવાઈ છે.

સ્ત્રી કામદારોના સંદર્ભમાં સૌથી મહત્વ ધરાવતો કાયદો એટલે ઈકવલ રીમ્યુનરેશન એકટ, ૧૯૭૬ સરખા કામ માટે સ્ત્રી અને પુરુષોને સમાન વેતન આપવામાં આવશે તેવો મૂળભૂત સિધ્ધાંત આ કાયદામાં રહેલો છે. આમ જોઈએ તો ૧૮૫૭ ની કાપડ મીલની કામદાર બહેનોએ આ સંદર્ભે વિશ્વમાં સૌ પ્રથમ લડત ચલાવી હતી. સામાન્ય રીતે એવી માન્યતા પ્રવર્તતી છે કે સ્ત્રીઓ કરતા પુરુષો કરતા સ્ત્રીઓ ઝડપથી કામ કરી શકે છે. પરંતુ આ સંદર્ભમાં પણ વૈશ્વિક લેવલે એક ક્રાંતિ આવી. ઈન્ટર નેશનલ લેબલ ઓર્ગેનાઈઝેશન (આઈ.એલ.ઓ.) ના કન્વેશનને આધારે આ કાયદો ઘડવામાં આવ્યો હોય તેવું પ્રાથમિક રીતે લાગે છે. સાથે સાથે આપણા બંધારણમાં જે માર્ગદર્શક સિદ્ધાંતો છે તેને આધારે અને જે કામ કરતી સ્ત્રીઓ હોય એટલે કે શ્રમિક મહિલાઓ હોય તેઓના સંદર્ભમાં તેઓનું અગત્ય રીતે શોષણ અટકાવવા માટે આ કાયદો ઘડવામાં આવ્યો છે.

ઈકવલ રેમ્યુનરેશન એકટની જોગવાઈ મુજબ આ કાયદાની કલમ-૪ માં સ્પષ્ટ રીતે જોગવાઈ છે કે મહિલા અને પુરુષ કામદારને એક જ પ્રકારના એટલે કે સમાન કામ માટે સમાન વેતન આપવું એવી માલિકની જવાબદારી છે. જો માલિક આમ નહીં કરે તો તેણે સમાન વેતન એટલે કે સમાન પગાર ચૂકવી આપવો પડશે. આ કાયદો મહિલાઓને નોકરીમાં રાખવા અંગે અને મહિલાઓને વેતન અંગે સ્ત્રી અને પુરુષ વચ્ચે ભેદભાવ ન હોવો જોઈએ તેવી સ્પષ્ટતા કરે છે.

'સમાન કામ, સમાન વેતન' એ બાબત પણ સમજવી જરૂરી છે. સમાન કામની વ્યાખ્યા જોઈએ તો સમાન કામ એટલે જે પુરુષ અને સ્ત્રી કામદાર એક જ પ્રકારની પરિસ્થિતિમાં એક સરખી બુદ્ધિ, એક સરખો પ્રયત્ન અને એક સરખી જવાબદારી દાખવતા હોય તેવું કામ.

'સમાન કામ, સમાન વેતન' સંદર્ભમાં વિશેષ જાણકારી સાથે મળીએ આવતા અંકે...